# D K V Arts and Science College, Jamnagar.

## F. Y. B.Sc. માં પ્રવેશાર્થીઓ માટેની માહિતી

## Online Admission Process Chart

Fill form

⇩

Pay registration fee
Rs. 40

⇩

Wait for Merit List

⇩

If your name in Merit List, Candidate should come on mentioned dates for documents verification and online fee payment

⇩

Confirmation of admission at college

**College Help Line Number : 94092 65649**

**Time : 11:00 AM to 5:30 PM**

# D K V Arts and Science College, Jamnagar.

## અગત્યનું સમય પત્રક (Important Dates)

| | Starting Date and time | Ending date and time |
|---|---|---|
| Online form filling and modification | 05-08-2021 (10:30 am) | 19-08-2021 (06:10 pm) |

- Keep checking college website for detailed admission schedule.

**ખાસ નોંધ**:

- ઓનલાઈન ફોર્મ 19-08-2021 પછી કોઈપણ સંજોગોમાં ભરી શકાશે નહિ.
- અનિવાર્ય સંજોગોમાં જ તારીખમાં ફેરફાર કરવામાં આવશે. આથી કોલેજની વેબસાઇટ હંમેશા નિયમીત જોવાનું રાખશો.

# ઓનલાઇન એડમિશન પ્રક્રિયાની વિગતવાર માહિતી

## ૧. પ્રથમ તબક્કો: (ફોર્મ ભરવું)

- એડમીશન ફોર્મ ભરતા પહેલા ઓનલાઈન એડમિશન પ્રક્રિયાની માહિતી ચોકસાઇ પૂર્વક વાંચવી.
- ફોર્મ ભરતી વખતે માગેલ માહિતી સાચી અને ચોક્કસ ભરાય તેની ખાસ કાળજી રાખવી.

ફોર્મ માં upload કરવાનો થતો પ્રવેશાર્થીનો ફોટો, યુનિવર્સીટી દ્વારા આપવામાં આવતી માર્કશીટમાં આવતો હોય, white background વાળો યોગ્ય સાઈઝ (Max 50 kb) નો ફોટો હોવો જરૂરી છે.

## ૨. બીજો તબક્કો: (ફોર્મ ફી Rs. 40 /- ભરવી)

- પ્રવેશાર્થીએ પોતાનાં અથવા વાલીના કાયમી મોબાઈલ નંબર તથા પ્રવેશાર્થીએ પોતાનાં જ E-mail id થી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. (ફોર્મ તથા ફી રીસીપ્ટ પ્રવેશાર્થીને E-mail પર મોકલવામાં આવશે, જેથી E-mail id પ્રવેશાર્થીનું પોતાનું જ હોવું ફરજીયાત છે)
- ઉપરોક્ત માહિતી submit કર્યા બાદ મોબાઈલ તેમજ email માં આવેલ OTP enter કરી રજીસ્ટ્રેશન ફી ₹ ૪૦/- ઓનલાઈન ભરવાની રહેશે.

## 3 .ત્રીજો તબક્કો: (ડોક્યુમેન્ટ વેરીફીકેશન + એડમિશન ફી )

- જે પ્રવેશાર્થીનું મેરિટ લિસ્ટમાં નામ આવે તેમણે નિયત સમય મર્યાદામાં પ્રવેશ ફોર્મમાં દર્શાવેલ નિયમો મુજબ જરુરી ડોક્યુમેંટ્સ સ્વપ્રમાણિત કરીને ક્રમ પ્રમાણે ગોઠવીને (બે નકલમાં) કોલેજમાં ચકાસણીના હેતુથી જમા કરાવવાના રહેશે અને તેની સાથે ધોરણ-૧૨ ની અસલ માર્કશીટ એનરોલમેંન્ટ માટે જમા કરાવાની રહેશે. અને સમયમર્યાદામાં ઓનલાઈન Cogent પોર્ટલ પર ફી ભરવાની રહેશે.

- **<u>પ્રથમ મેરીટ લીસ્ટ તા. ૨૩/૦૮/૨૦૨૧ સોમવારના રોજ મુકવામાં આવશે</u>**. તેથી આ વેબસાઈટ નિયમિત જોતા રહેવી.

## પ્રવેશના નિયમો

1. અનામત જૂથોની પ્રવેશ અંગે ની ટકાવારીનું ધોરણ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ રહેશે.
2. અનામતના તમામ નિયમો મેરીટ યાદીના પ્રસિધ્ધ થવાના દિવસે અમલમાં હશે તે જ લાગુ પડશે.
3. મેરિટની ગણતરી માટે ધોરણ-૧૨ ના મુખ્ય વિષયો: ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર/જીવવિજ્ઞાનના થિયરીના માર્ક્સ જ ધ્યાને લેવામાં આવશે.
4. વર્ષ : 2021 પહેલા પાસ થયેલા વિદ્યાર્થીના વર્ષ દીઠ 5 (પાંચ) માર્ક્સ ઓછા કરીને મેરિટ ગણવામાં આવશે.
5. ગુજરાત બોર્ડ સિવાયના પ્રવેશાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રોવિઝનલ એલિજિબિલીટી સર્ટીફિકેટ રજૂ કરવાનું રહેશે.

## પ્રવેશાર્થીઓ માટેની સુચના:

1. અરજદારે અરજીપત્રક ઓનલાઇન ભરવાનું રહેશે.
2. વર્ષ 2021-22 માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ અંગેની સૂચનાઓ ધ્યાનથી વાંચવી. સમગ્ર પ્રવેશ પ્રક્રિયા, પ્રવેશ સમય પત્રકમાં દર્શાવેલ તારીખો મુજબ જ કરવામાં આવશે.

3(અ) પ્રવેશ માટેનું મેરિટ લિસ્ટ તૈયાર કરવા માટે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અથવા જીવવિજ્ઞાન વિષયના થિયરીમાં આવેલ ગુણ જ ગણતરીમાં લેવામાં આવશે. અન્ય વિષયો અને પ્રેક્ટિકલના ગુણ મેરિટ માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(બ) ગ્રેસિંગથી પાસ થયેલ વિધ્યાર્થીઓએ ઓનલાઈન પ્રવેશ ફોર્મમાં ફક્ત મેળવેલ ગુણ [ ગ્રેસિંગ વગરના ] જ ભરવા.

4. A-ગ્રુપ અને B-ગ્રુપના અરજદારોની મેરિટ યાદી અલગથી પ્રદર્શિત કરવામાં આવશે.
5. મેરિટ યાદી, કૉલેજ વેબસાઇટ પર મૂકવામાં આવશે. પ્રવેશ માત્ર મેરિટ આધારિત જ રહેશે.
6. પ્રવેશ યાદીમાં સમાવિષ્ટ પ્રવેશાર્થીએ, પ્રવેશ ફી - ઓનલાઈન ભરવાની રહેશે.
7. મેરીટ યાદી પ્રમાણે પસંદગી પામતા વિદ્યાર્થિએ અરજીપત્રક અને સૂચનાઓના પેજની પ્રિન્ટ લેવાની રહેશે. વિદ્યાર્થી અને વાલીએ અરજીપત્રક અને સૂચનાઓના પેજ પર સહી કરવાની રહેશે. એડમિશન શેડ્યુલ 2021-22 માં જણાવ્યા મુજબની તારીખ અને સમયે વિદ્યાર્થિએ સહી કરેલ અરજીપત્રક અને સૂચનાઓના પેજ, જરૂરી અસલ પ્રમાણપત્રો સાથે ચકાસણી માટે પ્રવેશ સમિતિ સમક્ષ રજૂ કરવાના રહેશે ત્યારબાદજ પ્રવેશ માન્ય ગણાશે.
8. અરજીપત્રક સાથે નીચે જણાવેલ પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત નકલ જોડવાની રહેશે.

a) 10th માર્કશીટ ની નકલ(બધી).

b) 12th માર્કશીટ ની નકલ(બધી).

c) શાળા છોડ્યા અંગે નુ પ્રમાણપત્ર (LC) ની નકલ.

d) શાળા દ્વારા આપવામાં આવેલ ટ્રાયલ સર્ટીફિકેટ ની નકલ.

e) આધારકાર્ડ ની નકલ,

f) અનામત કેટેગરી અથવા અન્ય કોઈપણ કેટેગરીનો લાભ લીધેલા ઉમેદિારોએ જે તે કેટેગરીના પ્રમાણપત્રો ની નકલ સાથે લાવવાની રહશે અન્યથા તેમને અનામત/કેટેગરીનો લાભ મળી શકશે નહી.

g) SEBC કેટેગરીના ઉમેદવારોએ 2021-22 માટે માન્ય હોય તેવું ગુજરાત સરકારના સત્તાધારી સત્તા દ્વારા આપવામાં આવેલ નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ(NCL) રજૂ કરવાનુ રહશે.

h) શારીરિક અસક્ત વ્યક્તિ માટે સિવિલ સર્જન અથવા સમકક્ષ અધિકારીએ ફાળવેલ શારીરિક અશક્તતાનું પ્રમાણપત્ર.

i) ભૂતપૂર્વ સર્વિસમેનનું પ્રમાણપત્ર, ડિરેક્ટર, સૈનિક કલ્યાણ બોર્ડ, ગુજરાત રાજ્ય દ્વારા અથવા જિલ્લાના સૈન્ય કલ્યાણ અધિકારી દ્વારા જારી કરાયેલ, જો લાગુ પડતું હોયતો.

j) Gujarat Higher Secondary Education Board સિવાયના અન્ય બોર્ડના વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટિમાથી Provisional Eligibility Certificate(PEC) કઢાવવાનું રહેશે. અરજીપત્રક ભરતી વખતે PEC નંબર નાખવો ફરજિયાત છે.

k) પ્રમાણપત્રોની ચકાસણી સમયે ધોરણ 12ની ઓરિજનલ માર્કશીટ અને શાળા છોડયાનું પ્રમાણપત્ર(LC) કોલેજમાં જમા કરાવવાના રહેશે.

Note: ઉમેદવાર ફક્ત તે જ સ્વ-પ્રમાણિત નકલો જોડશે જે અરજી ફોર્મ સાથે જોડાવા માટે જરૂરી છે.

9. સમગ્ર પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન પ્રવેશાર્થી દ્વારા કોઈ પણ પ્રકારની માહિતી ખોટી આપવામાં આવેલ હશે તો તે અરજી રદ તાત્કાલિક રદ કરવામાં આવશે.

10. પ્રવેશ ફોર્મ તથા પ્રવેશ ફી ઉપર જણાવ્યા મુજબ સરકારશ્રીની સૂચના પ્રમાણે માત્ર ઓનલાઇન જ ભરવાના રહેશે.

11. એડમિશન ફી એક વખત ભરાઈ ગયા બાદ પરત આપવામાં આવશે નહીં.

12. એડમિશન શેડ્યુલમાં જણાવ્યા મુજબ, જો નિયત સમયમાં વિદ્યાર્થી ફી ભરવામાં અને/અથવા ડૉક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયામાં નિષ્ફળ જશે તો તેનો પ્રવેશ પરનો હક રદ કરવામાં આવશે અને તેની પછીના ઉમેદવારને પ્રવેશનો લાભ આપવામાં આવશે.
13. કોલેજ દ્વારા પાંચ પ્રકારના સબજેક્ટ કોંબીનેશન આપવામાં આવે છે, જેનું વર્ગીકરણ ગ્રુપ A અને ગ્રુપ B માં નીચે મુજબ છે.

| For A group | For B group |
|---|---|
| Physics, Chemistry, Mathematics (PCM) | Physics, Chemistry, Zoology (PCZ) |
| | Physics, Chemistry, Botany (PCB) |
| | Chemistry, Botany, Zoology (CBZ) |
| | Physics, Botany, Zoology (PBZ) |

વિદ્યાર્થી કોઈ પણ એક ગ્રુપ પસંદ કરવાનું રહેશે. એક ગ્રુપ પસંદ થઈ ગયા પછી બદલી આપવામાં આવશે નહીં.

14. વિદ્યાર્થીએ વર્ગો તથા પ્રેક્ટિકલ્સ નિયમિત ભરવાના રહેશે. સરકારશ્રી તરફથી મળતી વખતોવખતની તમામ સૂચનાઓનું તથા કોલેજના નીતિ નિયમોનું પાલન કરવાનું રહેશે. જો વિદ્યાર્થી દ્વારા આ નિયમોનું પાલન કરવામાં નહી આવે તો તેનો પ્રવેશ રદ કરવાને પાત્ર થશે.
15. કોલેજના સમય દરમ્યાન કોઈ પણ પ્રકારની નોકરી કરવાની રહેશે નહીં.
16. દરેક વિદ્યાર્થી પાસે શિસ્ત અને સુવ્યવહારનો આગ્રહ રાખવામા આવે છે.

# D K V Arts and Science College, Jamnagar.

**<u>વિદ્યાર્થીએ ડોક્યુમેન્ટ્સ વેરીફિકેશન તથા ડાઉનલોડ કરેલ પ્રવેશ ફોર્મ જમા કરાવતી વખતે કોલેજ લઈ જવાના પત્રકોની યાદી</u> :**

1. ડાઉનલોડ કરેલ એડમીશન ફોર્મ (નીચે દર્શવેલા પત્રકો ની સ્વપ્રમાણિત નકલ જોડી ને)
   - (i) 12th માર્કશીટ ની નકલ
   - (ii) 10th માર્કશીટ ની નકલ
   - (iii) શાળા છોડ્યા અંગે નુ પ્રમાણપત્ર/ LC ની નકલ
   - (iv) શાળામાંથી આપવમાં આવેલ ટ્રાયલ સર્ટીફિકેટ ની નકલ
   - (v) આધારકાર્ડ ની નકલ
   - (vi) અનામત કેટેગરી અથવા અન્ય કોઈપણ કેટેગરીનો લાભ લીધેલા ઉમેદિારોએ જે તે કેટેગરીના પ્રમાણપત્રો ની નકલ સાથે લાવવાની રહશે અન્યથા તેમને અનામત/કેટેગરીનો લાભ મળી શકશે નહી.
   - (vii) SEBC કેટેગરીના ઉમેદવારોએ 2021-22 માટે માન્ય હોય તેવું નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ રજૂ કરવાનુ રહશે. અન્યથા તેમને SEBC કેટેગરીનો લાભ મળી શકશે નહી અને લીધેલો પ્રવેશ રદ થશે.

2. ડાઉનલોડ કરેલ એનરોલમેન્ટ ફોર્મ (નીચે દર્શવેલા પત્રકો ની સ્વપ્રમાણિત નકલ જોડી ને)
   - (viii) 12th માર્કશીટ ની નકલ
   - (ix) 10th માર્કશીટ ની નકલ
   - (x) શાળા છોડ્યા અંગે નુ પ્રમાણપત્ર/ LC ની નકલ
   - (xi) શાળામાંથી આપવમાં આવેલ ટ્રાયલ સર્ટીફિકેટ ની નકલ
   - (xii) આધારકાર્ડ ની નકલ
   - (xiii) અનામત કેટેગરી અથવા અન્ય કોઈપણ કેટેગરીનો લાભ લીધેલા ઉમેદિારોએ જે તે કેટેગરીના પ્રમાણપત્રો ની નકલ સાથે લાવવાની રહશે અન્યથા તેમને અનામત/કેટેગરીનો લાભ મળી શકશે નહી.
   - (xiv) SEBC કેટેગરીના ઉમેદવારોએ 2021-22 માટે માન્ય હોય તેવું નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ રજૂ કરવાનુ રહશે. અન્યથા તેમને SEBC કેટેગરીનો લાભ મળી શકશે નહી અને લીધેલો પ્રવેશ રદ થશે.

<u>નોંધ</u>: પ્રવેશ ફોર્મ સાથે જોડેલ તમામ દસ્તાવેજો / માર્કશીટ / પ્રમાણપત્રો ના વેરીફિકેશન માટે પ્રવેશ સમિતિ સમક્ષ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.